


# સેતુ

**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**

**ત્રિમાસીક સંપર્ક પત્ર**

**વર્ષ : ૨૦ અંક : ૭૯ ઓક્ટોબર - ૨૦૧૮**

**website : www.ashaktashram.org**

**સંપાદકો** : પ્રા. નટવરલાલ જી. શાહ ★ શ્રી વિષ્ણુભાઈ સી. ગાંધી ★ શ્રીમતી ઉષા સી. શાહ

**પ્રમુખ** : શ્રી ચંદ્રવદન એસ. શાહ ★ **માનદ્ મંત્રીઓ** : શ્રી ગિરીશભાઈ આર. શાહ ★ શ્રી ઉદયભાઈ કે. શાહ

શાંતિલાલ એમ. શાહ અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર-૩૮૮૨૨૫. ફોન : ૦૨૬૯૯-૨૪૪૨૧૮


## દુઃખ મીમાંસા - મણકો બીજો

જીવનમાં દુઃખ શું છે અને શા માટે છે એની વાત કરતાં ગયા અંકમાં આપણે જોયું કે આપણે લોકોને નિઃસ્વાર્થ ભાવે ચાહવાને બદલે એમને આપણાં તોલાં અને કાટલાંથી માપવા-જોખવાનું કરીએ છીએ, તેથી આપણે દુઃખી થઈએ છીએ. આજે આપણે એનું બીજું કારણ જોઈએ.

માણસો જીવનમાં એ કારણે પણ દુઃખી થાય છે કે તે પોતાની વાત, પોતાની દૃષ્ટિ, પોતાના મતને જ સાચો અને મહત્વનો માનીને જીવે છે. સામા માણસની વાત, દૃષ્ટિ કે મતને સમજવા-વિચારવા તૈયાર હોતા નથી.

પતિ અને પત્ની વચ્ચે, સાસુ અને વહુ વચ્ચે, દેરાણી અને જેઠાણી વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, માતા-પિતા અને સંતાનો વચ્ચે, ભાભી અને નણંદ વચ્ચે, બે ભાગીદારો વચ્ચે કે બે મિત્રો વચ્ચે આ કારણે જ ઘણું ખરું મતભેદ અને મનભેદ થતા હોય છે. જેનું પરિણામ અંતે ક્લેશ, કંકાશ,ટંટા કે વિચ્છેદમાં આવતું હોય છે. પછી એના પરિણામે માણસો દુઃખી થાય છે.

માતા-પિતાને એમ લાગે છે કે સંતાનો એમની વાત સાંભળતા કે સ્વીકારતા નથી. પત્નીને એમ લાગે છે કે પતિ પોતાના પર જોહુકમી કરી રહ્યો છે. સાસુને એમ લાગે છે કે વહુ એમની આમન્યા રાખતી નથી. જેઠાણીને એમ લાગે છે કે દેરાણી એનું ધાર્યું જ કરે છે. ભાઈને એમ લાગે છે કે એમના ભાઈબહેન એમના કહ્યામાં રહ્યા નથી. મિત્રને એમ લાગે છે કે પોતાનો દોસ્ત માનનારો એની વાતનો વિરોધ કરી રહ્યો છે. આ બધા ઉદાહરણોના મૂળમાં અહં સિવાય બીજું કશું નથી. દરેક વ્યક્તિ અહંકારી હોય છે. એટલે દરેક વ્યક્તિ એમ માનતી હોય છે કે હું જે વિચારું છું, બોલું છું અને કરું છું એ જ યોગ્ય છે. બીજાએ એને અનુકૂળ અને અનુરુપ થઈને જીવવું, વર્તવું અને બોલવું જોઈએ.

આ મત નથી મમત છે. પોતનો કક્કો જ સાચો, બીજાનો ખોટો, એમ માનવું એ મોટી ભૂલ છે. આપણી દૃષ્ટિ, આપણા વિચાર કે આપણા મતમાં જ સત્ય રહેલું છે એમ સમજીને ચાલવું સદંતર ખોટું છે. સામી વ્યક્તિની દૃષ્ટિ, વિચારણા કે વાતમાં પણ સત્ય હોઈ શકે એ સહુએ સ્વીકારવું જોઈએ. સામી વ્યક્તિની વાતને સહૃદયતાથી સાંભળવી અને સમજવી જોઈએ. જો એમાં તથ્ય હોય તો સ્વીકારવી જોઈએ. સત્ય અનેક પાસાવાળું છે. તેથી આપણી દૃષ્ટિ, વાત કે વિચારણા માટે મમતીલા, હઠીલા અને દુરાગ્રહી નહીં થવું જોઈએ. આપણા મોટા ગજાના વાર્તાકાર ધૂમકેતુએ એટલે જ કહેલું કે, ''મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી, બીજાની દૃષ્ટિએ જોતાં શીખે તો અડધું જગત શાંત થઈ જાય'' દુખઃનિવૃત્તિ અને સુખપ્રાપ્તિની એક એવી ચાવી છે સહૃદયતા અને સહિષ્ણુતા.

**ડૉ. નરેશભાઈ વેદ**

## પ્રમુખની કલમે

''ઉત્તરાવસ્થા એ ઉત્તમાવસ્થામાં પલટાવવાની છે''. એ સૂત્ર પ્રથા કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ આપ્યું ત્યારે તાર્કિક રીતે બહુ યથાયોગ્ય હતું. કમાવાની અને ઘર ચલાવવાની મુક્તિ સમય જ સમય એટલે ૬૫ વર્ષ સુધીની દોડધામમાંથી મકુત્ અને શષ જીવન આપણા માટે અને ફક્ત આપણા પોતાના મનગમતા શોખ અને જીવન માટે ભરપુર સમય.

આજે જ્યારે ખરેખર વૃદ્ધાવસ્થા આવે છે. પ્રવૃત્તિ વગરની નિવૃત્તિ ખાવા ધાય છે. શરીર સાથ આપતું નથી. કાને સંભળાતું નથી આંખે દેખાતું નથી અને ઢીંચણના દુઃખાવાથી મનફાવે ત્યાં જવાતું નથી. શરીરમાં જોમ નથી હૈયામાં હામ નથી. મન કૂદાકૂદ કરે છે. જાત્રાએ જવાનું વિચારેલ પણ જાત્રા તો શું શેરીના નાકે પણ જવાતું નથી. કાળઝાળ મોંઘવારી આપણી બચત ઉપર વિશાલ તરાપ મારે છે. રૂપિયો નાનો અને દવાના બીલો મોટા થઈ ગયા છે. વરસ ઉપર વરસ વધતા જાય છે. અને છૈયા છોકરા આપણાથી વિમુખ થતા જાય છે. સમય એવો ફરી ગયો છે કે કોઈને આપણે માટે સમય જ નથી. એકલા જાતની પળોજણમાં કોચવાઈને દિવસ ગાળવા પડે છે. ત્યારે થાય છે કે આ ''ઉત્તમાવસ્થા કે કનિષ્ઠાવસ્થા''

શારિરીક અને આર્થિક પ્રશ્નો તો બુઝુર્ગોને ઘેરી વળે છે પણ એથીયે વિશેષ પ્રશ્ન એકલતાનો છે. ૬૫ વર્ષની વ્યસ્તતા, સંપર્કો અને મિત્રો ધીમે ધીમે છૂટતા જાય છે, તૂટતા જાય છે. કારણકે મિત્રો પણ વૃદ્ધ થતા હોય છે અને બદલાતા સંજોગોમાં એકબીજાથી દૂર રહેતાં હોય છે. અરે નજીકમાં હોય તો પણ મળવા માટે અકળ પ્રયત્ન કરવો પડતો હોય છે. કેટલાકે કાયમી વિદાય લીધી હોય છે. સૌથી આકરી સજા તો જેની સાથે જીંદગીના ૫૦-૫૫ વર્ષ વિતાવ્યા હોય તે સાથી પણ જ્યારે અલવિદા થાય ત્યારે આકરા જીવનની થાય છે. જે શૂન્યાવકાશ સર્જાય તે ભરવો બહુ વિષમ છે. દરેક ઉંમર સાથે આપણું મિત્ર મંડળ અને સ્નેહ વર્તુળ આપણાં જીવનને અનુરુપ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

આધ્યાત્મિક રીતે સામાન્ય જીવ એવા સ્તરે પહોંચ્યો નથી કે દેહ ના કહે તો પ્રભુ પ્રસાદી ગણી સ્વીકારી શકે. છેલ્લા ૬૫-૭૦ વર્ષના જીવનકાળે જેવું વ્યક્તિત્વ ઘડ્યું છે એવો એ જ પરિસ્થિતિ જાણે ચાલું રહેશે. એવું આશાએ બેઠો છે. કોઈ વખતે ઈશ્વરને લાંબુ આયુષ્ય આપવાને બદલે ઠપકો આપવા મન પ્રેરાય છે. છેવટે આપણે ગમે તેવા ઉધામા કરીએ પણ થાય છે ધણીનું ધાર્યું.

# અશક્તાશ્રમના આશ્રયે

## "નસી...બ મારું"

- ઉષા ચંદ્રવદન શાહ

ચાર મહિને ડાકોર ગયા. તે દરમ્યાન નવા દસ થી બાર બા-દાદાઓ દાખલ થઈ ગયા હતા. મારી બાઓ સાથેની રાત્રી બેઠક શરુ. પહેલાં જ દિવસે નવા બાઓનો પરસ્પર પરિચય થાય તે દષ્ટિએ બોલાવ્યા.

જેની વાત કહેવા માંગુ છું તે બહેન બોલ્યા વગર વાતચીતમાં રસ લેતા'તા પણ હાવભાવ પરથી લાગતું કે તે બેઠા છે અહીં પણ મન બીજે છે. તેમની ઓળખ આપતા કહ્યું કે તેમને એક દીકરો છે. છૂટાછેડા લીધેલા છે અને મનની શાંતિ માટે અહીં આવ્યા છે.

બીજા દિવસે જાણવા મળ્યું કે તેમનો દીકરો જેલમાં છે. આગલી રાતની બેઠકમાં થયેલી અંતઃસ્ફૂરણાને Intution ટેકો મળ્યો.

એમ એ (પહેલું વર્ષ) પાસ થયેલા, સ્વતંત્ર વિચારશક્તિ ધરાવતા, પણ સમાજના રૂઢિચુસ્ત રીતિરિવાજો પાસે લાચાર બની ગયેલા આ બહેન હારી-થાકીને જીવનનો છેલ્લો ગઢ પસાર કરવા અહીં આવ્યા છે.

મ્હેં તેમને બોલાવ્યા, શરુઆતમાં ઔપચારિક વાતો કરતાં કરતાં મ્હેં તેમને પુછ્યું : "શું તમારા પતિએ તમને છોડી દીથા છે ?" તેમણે સુધારતાં કહ્યું કે "ના બહેન મ્હેં તેમને છોડ્યા છે" અમે બન્ને હસી પડ્યાં.

તમે કેટલું ભણેલા ? .... હું એમ એ (પહેલું વર્ષ) સુધી ભણેલી છું. અમે પટેલ. છોકરીઓને નાનપણથી પરણાવી દેવાની. મારા મામા છોકરો શોધી લાવ્યા. ઘરના બધાએ મ્હોર મારી. તે બી.એ. થયેલો હતો. એટલે મારું એમ.એ.નું આગળ ભણવાનું બંધ. છોકરી વધારે ભણેલી હોવી ન જોઈ. આપણે ચૂપ. બહેન સાસરીયાની શું વાત કરીએ. પિયરમાં પણ મારો ભાઈ જે કહે તે બધું જ મંજૂર. મારી ઈચ્છાનું કોઈ મહત્વ જ નહીં છોકરીઓ માટેનું સંકુચિત માનસ તો હું નાનપણથી સહેતી આવી છું. હું પરણી ગઈ.

તમારા પતિ શું કરતા'તા ? તેમને નાનું પ્રેસ હતું. અત્યારે તો કોમ્પ્યુટરને લીધે બધું જ સહેલું થઈ ગયું છે. કામ ફટાફટ થાય.જ્યારે એ વખતે બધા શબ્દોને ગોઠવવા (Compose) પડે. કામ ખૂબ ધીમી ગતિએ ચાલે પણ આપણું મગજ ફાસ્ટ ચાલે. મેં કહ્યું : તમે મને પ્રેસ પર લઈ જાઓ. હું ઘરનું કામ કરી તમારી સાથે આવું. તમને શબ્દો ગોઠવવામાં મદદ કરીશ. કામની ગતિ વધશે. આપણને કામ વધુ મળશે. આપણે સાધનસંપન્ન થઈશું. બધા સુખી થશે. ..... જા .... જા હવે. તું ઘરમાં ભૂંગળીઓ ફૂંક અને ચૂલો ચલાવ. તમારા બૈરાઓનું અહીં કામ નહીં. આ તો ભાયડાઓનું કામ. તમને આમાં શું સમજ પડે. સમજ પડવાની હતી તે પડી ગઈ. મારી હોંશ, તમન્ના, ઉછાળા મારતી મહત્વકાંક્ષા બધા પર ઠંડુ પાણી રેડાયું. જો પતિ જ મારો નથી તો મારે કોનો આધાર ? આ કૂંડાળામાંથી હું બહાર કઈ રીતે આવું બહેન !!

અમારામાં એવો રિવાજ કે થોડા સમય પછી ભાઈ બહેનને પોતાના ઘેર લઈ જવા આવે. તેણે મને માથે બેડા મૂકીને આવતી, ચૂલો ફૂંકીને આંખો ચોળતી, કપડાં ધોતી, કચરા કાઢતી જોઈ અને બીજા બધા મોટા બૈરાઓને બેસી રહેતા જોયા ને અંદરથી એ ઉકળી ઉઠ્યો. એ પણ પટેલનું લોહી હતું ને !! ઘેર આવી મારા બાપાને કહી દીધું કે : મારી બહેન આ ઘરમાં ફરીથી નહીં જાય. મારે કોઈ કામની ફરિયાદ ન્હોતી બહેન. એ તો સાસરે જઈએ એટલે જવાબદારી માથે આવી જ પડે. પણ આપણું કોઈ સ્વતંત્ર વ્યક્તિત્વ નહીં. આપણા કામની ગણના નહીં, આપણી પૃચ્છા નહીં, પતિ એટલે ધણી અને પત્ની એટલે ઢોર, મન ફાવે તેમ તેને આમળી શકે એટલે અમારે તો આખો દિવસ કામ કરવાનું અને રાત પડે પતિને શરણે થવાનું, એક થકવી દેતું કામ અને બીજું મનને મુંઝવી દેતું કામ.

ભાઈએ બધો જ આંખે દેખ્યો અહેવાલ આપ્યો. ઘરના સૌ સહમત થયા. તે સમયે હું પ્રેગનન્ટ (ગર્ભવતી) હતી. આ સંજોગમાં પતિ સાથે ગાળવાના દિવસોના કેટકેટલા અરમાનો હોય !! પણ જડ માનસ સાથે કેવી રીતે તાલ મેળવવો. એટલે સાચુ કહુ બહેન ! અંદરથી તો હું પણ ખુશ હતી, કારણ કે જેની સાથે મારે જીંદગી વીતાવવાની હતી તેને તો મારી કંઈ જ પડી ન્હોતી. તેને તો જે જોઈતું'તું તે મળી રહેતું'તું. મને ન ગમે તો પણ હું ક્યાં ? કેવી રીતે ? અને ક્યાં બુમ પાડું ? તે મારો પતિ હતો એટલે તેને માટે મગતરું. ભણતર, ઘડતર, બધું જ સમાજની રૂઢીચુસ્તતા સામે નકામા હતા. અને બહેન.... નાનપણથી જ દબાતી આવેલી હું મોટપણે પણ તે જ ગ્રંથીથી Compelx પીડાતી'તી. મને દીકરો થયો. તેમણે માંગણી કરી. કેસ કર્યો. હારી ગયા. તેમણે તો તે દરમ્યાન બીજું લગ્ન કરી લીધું હતું.

મારી ૧૬ વર્ષની ઉંમરે મેં મારી મા ગુમાવી હતી. મા સાથે બધું જ ગુમાવ્યું હતું. રડી પડ્યા, પણ બહેન ! મારી ભાભી બહુ સારી હતી. અમે બન્ને બહેનોની જેમ રહેતા, અમે ભેગા મળી સીલાઈ કામ શરુ કર્યું. સુખેથી રોટલો ખાતા, તે દરમ્યાનમાં મારા પિતા અને ભાઈ બન્નેએ ચિરવિદાય લીધી.

તમારા દીકરાએ શું વ્યવસાય કર્યો ? એમની આંખોમાં આંસુ આવી ગયા. બહેન ! મારો દીકરો જેલમાં છે... કેમ ? એ એના બાપની લાઈનમાં ગયો. પણ એની પાસે પ્રેસ નહોતું. કામ લાવી પ્રેસમાં આપતો અને ઉચક કામ કરાવતો. ગાડું મારું ગબડતું'તું. કમાતો'તો પણ સારું. એક બહેને તેને મોટું કામ આપ્યું. પ્રીન્ટીંગમાં ભૂલ થઈ. બહેને પૈસા આપવાની ના કહી. રૂા. ૫,૦૦,૦૦૦નું કામ હતું. પ્રેસવાળો માથે ઉભો રહ્યો. કેસ કર્યો. દીકરો કેસ હાર્યો, જેલમાં ગયો.

વકીલની સલાહ મુજબ આપણે શાંતિથી બેસવાનું. જો અપીલ કરીએ તો હારી જઈએ તો ફરી પાછો જેલમાં. એના કરતાં જેલમાં સારી રીતે રહેશે ને ત્યાંનું કામ નિષ્ઠાથી કરશે તો તેના સારા વર્તનને જોઈ છૂટી જશે. અત્યારે તે જેલની ફાર્મસીની દુકાનમાં કામ કરે છે. પ્રામાણિકતા અને નિષ્ઠાથી કરે છે. હું તેને જેલના બારણામાંથી બહાર નીકળતાં જોઉં તે દિવસની રાહ જોઉ છું બહેન ! મોટી મોટી આંખોમાંથી મોટા મોટા આંસુઓએ મને પણ રડાવી દીધી.

બીજું કંઈ નહીં બહેન "નસીબ મારું". હું રણછોડરાયના ધામમાં, શ્રી રાધાકૃષ્ણની સમીપમાં શાંતિ માટે જ આવી છું. રાત ને દિવસ મારો દીકરો મને પાછી આપવાની પ્રાર્થના કરું છું.

જરુર ભગવાન તમને મદદ કરશે. તેમ વિચારો. ભગવાન જીવન દરમ્યાન પડખે ને પડખે ઉભો રહ્યો છે. રૂઢિચુસ્ત સમાજમાં પણ તમે એમ એ સુધી પહોંચી શક્યા. જે ભાઈ નાનપણમાં અવરોધો ઉભા કરતો'તો એ જ ભાઈ તમને પાછા લઈ આવ્યો. શું ભઘવાન નથી ? મા ગઈ પણ ભાભીએ મા જેવી રહી. શું અહીં ભગવાનના દર્શન થતા નથી ? નબાપો દીકરો હોવા છતાં સ્વબળે આગળ વધ્યો. શું ભગવાન નથી ? એ જરુરથી પાછો આવશે અને ભગવાનના દર્શન થશે. તમે છેલ્લા ગઢમાં અશક્તાશ્રમમાં આવી શાંતિથી રહેશો. શું ભગવાન નથી ? તમને જરુર જરુર ભગવાનની અનુભુતિ થશે.

આ શિક્ષિત બહેનને પણ લાચારીની ખાણમાં નાંખવા માટે કોણ જવાબદાર ? નસીબ કે સમાજ કે તેમની લાચારી ? બહુ જૂજ સ્ત્રીઓ આવા નસીબ, સમાજ કે લાચારીથી ઉપર જઈ પોતાના અસ્તિત્વનો પડકાર પણ કરી શકી છે. પણ કેટલા ટકા ?

બહેનના નસીબ ઉપર રણછોડરાયની કૃપા રહે તેવી જ અંતરની પ્રાર્થના.

# સંસ્થા સમાચાર

- કે. બી. શાહ

## જીવન સંધ્યા વૃદ્ધાશ્રમના વડીલો અશક્તાશ્રમની મુલાકાતે

અમદાવાદના સિનીયર સીટીઝન અને પોલીઓ ફાઉન્ડેશનના સ્થાપક ડૉ. ભરતભાઈ ભગત અને તેમના ધર્મપત્ની ડૉ. કનકલતાબેન ભગતે જીવન -સંધ્યાના વડીલોને કનકલતાબેનના ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે તોરણા ગામના રણછોડરાય ભગવાનના તેમજ ડાકોરના ઠાકોરના દર્શન કરાવવાનો નિરધાર કર્યો. આ સમાચાર અશક્તાશ્રમના ઉપપ્રમુખ ડૉ. નરેશભાઈ શાહને મળતા ડૉ. ભરતભાઈને સર્વ વડીલો અને મહેમાનોને અશક્તાશ્રમની મુલાકાત લેવાનું હાર્દિક આમંત્રણ આપ્યું અને ભરતભાઈએ સહર્ષ સ્વીકાર્યું.

આ પ્રસંગે ઉપપ્રમુખ ડૉ. નરેશભાઈ, ટ્રસ્ટીશ્રી ગીરીશભાઈ, ટ્રસ્ટીશ્રી ઉદયભાઈ, ડાકોરના અશક્તાશ્રમના સ્વજનશ્રીઓ અને અશક્તાશ્રમના વડીલોએ સર્વ મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું. સર્વેએ સત્સંગ હોલમાં સ્થાન લીધું. ડૉ. નરેશભાઈએ કનકલતાબેનના ૭૫ વર્ષના જન્મ દિન પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી ફૂલહારથી સ્વાગતકર્યું. ટ્રસ્ટીશ્રી ઉદયભાઈએ સર્વેને અશક્તાશ્રમની મુલાકાત બદલ ખાસ આભાર માન્યો.

અશક્તાશ્રમે આમંત્રીતો માટે બપોરનો સમય હોવાથી ગરમ ગરમ ડાકોરના ગોટા તેમજ ચ્હા અને કોફીના નાસ્તાની વ્યવસ્થા રાખી હતી. સર્વેએ ગોટા અને ચ્હા-કોફીના નાસ્તાને પ્રેમપૂર્વક ન્યાય આપ્યો. અશક્તાશ્રમની પરંપરા મુજબ સર્વ મહેમાનોએ મગસનો પ્રસાદ પ્લાસ્ટીકના બોક્ષમાં આપ્યો. મહેમાનોએ પણ અશક્તાશ્રમનો આભાર માન્યો. જીવન-સંધ્યાના પ્રતિનિધિઓએ અશકતાશ્રમના વડીલોની તેમના વૃદ્ધાશ્રમની મુલાકાત લેવાનું આમંત્રણ આપી વિદાય લીધી.

## 102 Not Out

અશક્તાશ્રમના અજયગાર્ડન પરિસરમાં આશ્રમના વૃદ્ધોના આનંદ માટે હિંદી ચલચિત્ર આશ્રમમાં જ ટોકીઝ જેવું વાતવરણ ઉભુ કરી મોટા પડદા પર પ્રોજેક્ટર દ્વારા **102 Not Out** બતાવવામાં આવ્યું. આશ્રમના વૃદ્ધો પ્રારંભથી અંત સુધી સ્વસ્થાને બેસી રહ્યાને ચિત્ર માણ્યું. આશ્રમના આવા પણ નવતર પ્રયોગ આશ્રમવાસીઓના આનંદ માટે થાય છે.

## હિંડોળા દર્શન

અષાઢ સુદ-૨, રથયાત્રા, અષાઢ સુદ-૨ થી શ્રાવણ વદ-૨ હરિ હિંડોળે ઝૂલે. ચતુરમાસનો પ્રારંભ થઈ જાય અનેક પર્વ પ્રસંગોથી ચોમાસું આનંદના આંસુ છલકાવે. આશ્રમમાં રાધાકૃષ્ણ સન્મુખ હિંડોળા જેવા વૃદ્ધોના હૃદયના ભાવ તેવા નિત્ય જુદાજુદા હિંડોળાની સજાવટથી ઠાકોરજીને ઝુલાવાયા. ફૂલ, લીલા સુકા મેવા, શાકભાજી, ફળફળાદી, રાખડીઓ, કાંચના બીલ્લા અને વિવિધ શૃંગારથી લાલજીને તૈયાર કરવામાં આવ્યા. કોણ સુંદર લાગે છે હિંડોળા કે હિંડોળે ઝૂલનાર કે હિંડોળાને ઝૂલવાનાર.. આશ્ચર્ય જ આશ્ચર્ય.... પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણની અને સ્વજનોની હાજરી હોય તેથી આખું વાતાવરણ ભર્યું ભર્યું લાગે તે સહજ છે. યોગાનુયોગ રક્ષાબંધન અવધૂત ભજન મંડળના ભજનિકોની ભજનસંધ્યા. સુંદર હિંડોળો સત્સંગ હોલમાં સજાવાયો. હિંડોળાની રેશમની દોરી કોણ કોણ ખેંચે છે. ભક્ત લાલાને કે લાલો ભક્તને તેની તરફ ખેંચે છે. ખબર જ ન પડે. ભજનિકો ને વૃદ્ધો દ્વારા હિંડોળાના પ્રસંગોપાત ભજનો ગવાયા. હિંડોળાનું આખા માસનું પર્વ આનંદ ઉલ્લાસથી ઉજવાયું. ખાસ વૃદ્ધોબાઓના હૃદયના ભાવોને દાદ આપવી પડે.

## ૧૫મી ઓગષ્ટ, જીવદયા - નોટબુક વિતરણ

કપડવંજ મુકામે પ્રમુખશ્રી ચંદ્રવદનભાઈની ઉદાર સખાવતથી (રૂા. ૯ લાખ) ગાયો માટેના શેડનું તથા શ્રી ઉત્પલભાઈ ટ્રસ્ટીના સહયોગથી સસલા માટે રહેઠાણનું સુવિધાપુર્વક વ્યવસ્થા ઉભી કરવામાં આવી. ટ્રસ્ટી ઠાકોરભાઈ શાહના નેજા હેઠળ ચાલતા ધાનદાન પ્રયોગનું આયોજન જોવા મળ્યું. ડાકોર કન્યાશાળાની બાળાઓને ૬૦૦ નોટબુક્સનું શ્રી ચંદ્રવદનભાઈના સ્વાયત્ત ફંડમાંથી વિતરણ કરવામાં આવ્યું. રાષ્ટ્રિયપર્વ પંદરમી ઓગષ્ટનું રાષ્ટ્રગીતો સાથે વિધિપૂર્વક ધ્વજવંદન કરી ઉજવવામાં આવી.

## શીતળા સાતમ - જનરલ મીટીંગ

તા. ૨-૯, શીતળા સાતમ સુશ્રી ઉષાબેન સી. શાહનો જન્મ દિવસ દિવસભર અને શુભેચ્છકોની શુભેચ્છાની વર્ષાથી ભીંજવતો રહ્યો. વિશાળ હૃદયે ને વિશાળ હાથે સ્થાનિક નાની મોટી સેવાભાવી સંસ્થાઓને તા. ૨-૯ના ચેક આપી નવાજયા ને જન્મ શુભદિન સાર્થક કર્યો. જનરલ મીટીંગ સમયસર ને સરળતાપૂર્વક ચાલી. પ્રમુખશ્રીએ રાજકપુરનો શો મસ્ટ ગો ઓન નો સ્લોગન આગળ વધારતા રહી હૃદયપૂર્વક સૌનું અભિવાદન કર્યું. મોંઘવારી અને વ્યાજદર ઘટતા જતા હોવા છતાં પારદર્શક વહીવટને કારણે અને ઈશ્વરકૃપાથી અને દાતાશ્રીઓના સહકારથી અશક્તાશ્રમ - સશક્તાશ્રમ જ રહેશે તેવી હૈયાધારણ દઢ વિશ્વાસ રજૂ કર્યો. ડૉ. શ્રી નરેશભાઈ શાહે દરેકના સહકારની નોંધ લઈ વ્યક્તિગત સૌનો આભાર માન્યો. તા. ૨૫-૧૧- શિબિરની પૂર્વભૂમિકા સંક્ષિપ્તમાં ડૉ. નરેશભાઈ વેદ સાહેબે બાંધી આપી. તા. ૪-૧૦ તા. ૫-૧૦ ધાનદાન નો ૧૬મો પ્રયોગ સમાજ ઉપયોગી બની રહેશે તેની જાહેરાત થઈ. ધાનદાનના નવા લાભાર્થીઓ અને ખાસ વિધવા બહેનોને (ઉંમરનું ધોરણ ઘટાડીને ૫૫ વર્ષથી શરુ કરી) લેવા પૂનિતને આયોજન શરુ કરવા જણાવાયું જે ખૂબ આનંદની વાત છે.

## જન્માષ્ટમી - નંદ મહોત્સવ

જન્માષ્ટમી નંદ મહોત્સવ પ્રસંગ શ્રી ચંદ્રવદનભાઈ, સુશ્રી ઉષાબેનની હાજરી સોનામાં સુગંધ ભેળવે છે. સૌનો આનંદ પણ વધી જાય છે. રાત્રે ૧૦ કલાકે ડાકોરના જય યોગેશ્વરવાળા સ્વાધ્યાયી યુવાનો આવીને આશ્રમ પરિસરમાં છગડી કી કહાની શેરી નાટક ભજવી સૌને મંત્રમુગ્ધ કર્યા. કાર્યક્રમ બાદ કૃષ્ણજન્મના ભજનોની રમઝટ કે બી શાહ, રાજુભટ્ટ, અનિલપ્રભુ, પુનિત અને આશ્રમવાસી બાઓએ બોલાવી. સમયસર રાત્રે ૧૨ કલાકે કૃષ્ણજન્મની વધાઈ થઈ. અદશ્ય રાખેલ ગોપાલલાલજીને દશ્યમાન કરાવ્યા પારણે બેસાડી ઝુલાવાયા થયા. આરતી પ્રસાદ, આઈસ્ક્રીમ તો હોય જ. શ્રી ઉદયભાઈ કે શાહ ટ્રસ્ટીનો યોગાનુયોગ જન્મદિવસ હતો એક દિવસ શ્રી ઉત્પલભાઈએ એક દિવસ સ્વજનશ્રી રાજુભાઈ ભટ્ટે પણ આઈસ્ક્રીમથી સૌને મઝા કરાવી. છેલ્લે તા. ૯-૯ના રોજ મુંબઈ સ્થિત ડાકોરના જ શ્રી રમેશભાઈ એ શાહના ધર્મપત્નીની પૂણ્યતિથી નિમિત્તે સૌ વૃદ્ધોને મીઠાઈ ફરસાણ યુક્ત ભોજન પીરસાયું.

## ગણેશોત્સવ

વિઘ્નહર્તા ગણેશજીના ઉત્સવની શરુઆત લોકમાન્ય તિલકે વિવિધ સમાજોને એકત્રિત કરવા અને સમાજમાં લોકો નાતજાતના ભદે ભૂલી એક બીજાની નજીક આવે તેના માટે કરી હતી. અને ત્યારથી ગણેશોત્સવ ઉજવાય છે.

અશક્તાશ્રમમાં પણ આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. ગણપતિ બાપાને પાલખીમાં બિરાજમાન કરી આખાય આશ્રમમાં ઢોલનગારા ત્રાંસા અને ભજનોની રમઝટ સાથે શોભાયાત્રા કાઢી અને પાંચ દિવસ સુધી આ ઉત્સવ ઉજવાય છે. ત્યારબાદ વિધિવત રીતે તેમના સ્વસ્થાને વિસર્જન કરાય છે.

## શ્રી કેશવલાલ આર. શાહ ૨૪મી સ્મૃતિ શિબિર
## તા. ૨૫-૧૧-૨૦૧૮ રવિવારથી તા. ૨૮-૧૧-૨૦૧૮, બુધવાર
## શિબિરનો વિષય : જીવન જીવવાની જડીબુટ્ટી

જીવન એક કિમતી જણસ છે. કેમ કે મનુષ્ય અવતાર વારે વારે મળતો નથી. એને દુર્લભ એટલે જ કહેવામાં આવે છે. વળી આ જીંદગી ટુંકી પણ છે. તેથી સૌ બનતી ત્વરાએ જીવનને સફળ અને સાર્થક કરવા ઈચ્છે છે. પણ એ કેવી રીતે કરી શકાય તેની સૌને જાણકારી હોતી નથી. જેમ જીવન નિરોગી રહે એ માટે કેટલીક જડીબુટ્ટીઓ હોય છે તેમ જીવનને સફળ અને સાર્થક કરવા પણ આવી ગુરુચાવીઓ જાણવા મળે તો કામ થઈ જાય. તેથી આ શિબિરમાં જીવનની આવી જડીબુટ્ટીઓ કઈ છે તે વિષય રાખ્યો છે. આ જડીબુટ્ટીઓ એટલે પ્રેમ, મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા અને ષડ સમ્પતિ

**શિબિરના કાર્યક્રમની રૂપરેખા**

**તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવાર (ઉદ્‌ઘાટન બેઠક)**

દીપ પ્રાગટ્ય અને શિબિરનો શુભારંભ : સવારે ૧૦-૦૦ કલાકે
**પરમ પૂજ્ય ગુરુવર્ય જશભાઈ સાહેબજી.**

**તા. ૨૫-૧૧-૨૦૧૮, રવિવાર - સાંજની બેઠક**

૪-૦૦ થી ૬-૦૦
**શ્રી ભાગ્યેશભાઈ જહા "જીવનમાં પ્રેમ"** વિશે વાત કરશે.
(શ્રી ભાગ્યેશભાઈ જહા ઈંગ્લીશ અને સંસ્કૃત ભાષામાં સાહિત્યના વિદ્વાન અનેક છાપાઓના કોલમીસ્ટ, ગુજરાત સરકારમાં નિવૃત્ત સનદી અધિકારી.)

**તા. ૨૬-૧૧-૨૦૧૮ સોમવાર - સવારની બેઠક**

**ડૉ. અમ્બીકાબેન પટેલ "જીવનમાં મૈત્રી"** વિશે વાત કરશે
૧૦-૦૦ થી ૧૨-૦૦ :

**સાંજની બેઠક**

**ડૉ. અમ્બીકાબેન પટેલ "જીવનમાં કરુણા"** વિશે વાત કરશે.
સાંજના ૪-૦૦ થી ૬-૦૦
(**ડૉ. અમ્બીકાબેન પટેલ** એમ એસ યુનિવર્સીટી વડોદરાના મ્યુઝીયોલોજી અને એન્થ્રોપોલોજીના વરિષ્ઠ પ્રોફેસર : દુનિયાભરના દેશોમાં પ્રવચનો આપતા વિદુષી મહિલા.)

**તા. ૨૭-૧૧-૨૦૧૮, મંગળવાર - સવારની બેઠક**

**ડૉ. રશ્મીનભાઈ સોમપુરા, 'જીવનમાં મુદિતા'** વિશે વાત કરશે.
૧૦-૦૦ થી ૧૨-૦૦

**સાંજની બેઠક**

**ડૉ. રશ્મીનભાઈ સોમપુરા. "જીવનમાં ઉપેક્ષા"** વિશે વાત કરશે.
૪-૦૦ થી ૬-૦૦
(ડૉ. રશ્મીનભાઈ સોમપુરા એમ. એસ. યુનિવર્સીટીમાં મનોવિજ્ઞાનના વરિષ્ઠ પ્રોફેસર આ વિષયના નિષ્ણાત વક્તા. )

**તા. ૨૮-૧૧-૨૦૧૮, બુધવાર - સવારની બેઠક**

**ડૉ. નરેશભાઈ વેદ સાહેબ "જીવનમાં ષડમિત્રો વિષે"** વક્તવ્ય આપશે.
૧૦-૦૦ થી ૧૨-૩૦ કલાકે

(ડૉ. નરેશભાઈ વેદ સાહેબનો ઔપચારિક પરિચય આપવાની જરુર નથી છતાં એક શબ્દમાં કહીએ તો તેઓને **'શિબિરના પ્રાણ'** કહી શકાય. )

**સુચના :**

શિબિરમાં રસ ધરાવતા સૌને જો શિબિર પ્રવેશનું અરજી પત્ર ન મળ્યું હોય તો નીચેના સરનામેથી મંગાવી લેવું. આપ સૌને શિબિરમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે. ૧૫મી ઓક્ટોબર ૨૦૧૮ અરજી પત્ર આપવાની છેલ્લી તારીખ છે. તેની સર્વેએ નોંધ લેવી.

**સંપર્ક :**

**ડૉ. નરેશ આર. શાહ**
૨૦૩, સંકલ્પ સ્ક્વેર-૨, જલારામ રેલ્વેક્રોસીંગ અને ચિરાગ ઓટો ક્રોસ રોડ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૬. ફોન : ૦૭૯-૨૬૪૬૪૮૨૨-૮૩૩

**મિત્તલ બી. શાહ**
૬૦૭, ઓટોકોમર્સ હાઉસ, જ્યોતિષ સ્ટુડિયો સામે, કેન્દી બ્રીજ, નાના ચોક, મુંબઈ-૭. ફોન : ૦૨૨-૨૩૮૬૧૧૧૮

---

બુક-પોસ્ટ/પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી ______________________________

______________________________

______________________________

**પ્રેષક :**
**ડૉ. નરેશ આર. શાહ (ટ્રસ્ટી)**
**શાંતિલાલ મોહનલાલ શાહ અશક્તાશ્રમ સોસાયટી**
૨૦૩, સંકલ્પ સ્કેવર-૨, બીજોમાળ, જલારામ રેલ્વે ક્રોસીંગ અને કલગી ક્રોસ રોડ પાસે,
ડૉ. સુમન શાહ ઓર્થોપેડીક હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. (INDIA)



સૌજન્ય મુદ્રક : સરૈયા આર્ટ પ્રિન્ટરી ★ (મો) : ૯૮૨૫૪૪૦૬૯૦